સુબેદાર સ્ટાફ ઓફિસર /સુબેદાર કંપની કમાન્ડર (વર્ગ-૨) , સરહદી પાંખ ગૃહ રક્ષક દળની તા. ૦૧/૦૧/૨૦૧૮ ની પરિસ્થિતિ મુજબની કામચલાઉ પ્રવર્તતા યાદી

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ,

પરિપત્ર ક્રમાંક: સગદ/૧૦૨૦૦૨/૮૪૧/ફ,

સચિવાલય, ગાંધીનગર,

તારીખ: ૧૩/૧૨/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંક: સગદ/૧૦૨૦૦૨/૮૪૧/ફ, તા.૦૮/૦૩/૨૦૧૩

(૨) ડાયરેક્ટર જનરલશ્રી, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૧૯/૧૦/૨૦૧૮, ના પત્ર ક્રમાંક: કજ/સપા/મકમ/૭૪(૩) /૩૫૯૨/૨૦૧૮

પરિપત્ર:

આ વિભાગના સંદર્ભ-૧ માં દર્શાવેલ તા. ૦૮/૦૩/૨૦૧૩ ના પરિપત્રથી સુબેદાર સ્ટાફ ઓફિસર /સુબેદાર કંપની કમાન્ડર (વર્ગ-૨) , સરહદી પાંખ ગૃહ રક્ષક દળની તા.૦૧/૦૧/૨૦૦૮ ની પરિસ્થિતિ મુજબની આખરી પ્રવર્તતા યાદી બહાર પાડવામાં આવેલ છે. ત્યારબાદ સુબેદાર સ્ટાફ ઓફિસર /સુબેદાર કંપની કમાન્ડર (વર્ગ-૨) ની જગ્યા પર જે અધિકારીઓને બઢતીથી નિમણૂંક આપવામાં આવેલ છે, તે અધિકારીની તા.૦૧/૦૧/૨૦૧૮ ની સ્થિતિએ કામચલાઉ પ્રવર્તતા યાદી પ્રસિદ્ધ કરવા અંગે ઉક્ત ક્રમાંક (૨) ના પત્રથી મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણામાં હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ સાથે સામેલ પરિશિષ્ઠ મુજબ સુબેદાર સ્ટાફ ઓફિસર /સુબેદાર કંપની કમાન્ડર (વર્ગ-૨) સંવર્ગની જગ્યા પર ફરજ બજાવતા અધિકારીશ્રીઓની તા.૦૧/૦૧/૨૦૧૮ ની પરિસ્થિતિ દર્શાવતી કામચલાઉ પ્રવર્તતા યાદી પરિપત્રિત કરવામાં આવે છે.

આ કામચલાઉ પ્રવર્તતા યાદી સંદર્ભ સંબંધિત અધિકારીઓએ કોઈ રજુઆત કરવાની હોય તો આ પરિપત્રની તારીખથી એક માસની અંદર ડાયરેક્ટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ મારફત આ વિભાગને રજુઆત કરી શકે છે. આવેદનપત્રમાં રજુઆત સ્પષ્ટ, મુદ્દાસર અને ટૂંકાણમાં હોવી જોઈએ, તેમજ જો કોઈ હકીકતદોષ જણાયેલ

હોય તો તેનો સ્પષ્ટ નિર્દેશ કરવાનો રહેશે. નિયત સમય મર્યાદા બાદ મળેલા આવેદનપત્ર ઉપર વિચારણા કરવામાં આવશે નહી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય બધેકા)
ઉપસચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

૧ ડાયરેક્ટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ(બોર્ડરવિંગ), ગુજરાત રાજ્ય, લાલ દરવાજા, અમદાવાદ તરફ (વધારાની બે નકલ સાથે ) સંબંધિત સર્વે અધિકારીઓને પહોંચતી કરવા અર્થે

૨ નાયબ કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ , ગુજરાત રાજ્ય, અમદાવાદ .

૩ બટાલીયન કમાન્ડન્ટ ,બોર્ડરવિંગ હોમગાર્ડઝ, પાલનપુર/ કચ્છ-ભુજ.

૪ શ્રી એસ.આર.જોષી, સુબેદાર સ્ટાફ ઓફિસર /સુબેદાર કંપની કમાન્ડર (વર્ગ-૨) (મારફત ડાયરેક્ટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.)

૫ શ્રી આર.પી.વ્યાસ , સુબેદાર સ્ટાફ ઓફિસર /સુબેદાર કંપની કમાન્ડર (વર્ગ-૨) (મારફત ડાયરેક્ટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.)

૫ સામાન્ય વહીવટ વિભાગ, ગ-૨ શાખા , સચિવાલય, ગાંધીનગર.

૬ આઈટી.સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર – પ્રવરતા યાદી- ગૃહ વિભાગની વેબ સાઈટ પર મૂકવાની વિનંતી સહ.

૭ ના.સે.અ, સિલેક્ટ ફાઈલ./શાખા સિલેક્ટ ફાઈલ.

ગૃહ વિભાગના તા.૧૩/૧૨/૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંક : સગદ-૧૦૨૦૦૨-૮૪૧-ફ સાથેનું બિડાણ

સુબેદાર સ્ટાફ ઓફિસર/સુબેદાર કંપની કમાન્ડર, વર્ગ-૨ ની તા.૦૧/૦૧/૨૦૧૮ ની સ્થિતિએ કામચલાઉ પ્રવરતા યાદી

| પ્રવરતા ક્રમાંક | અધિકારી/કર્મચારીનું નામ | જન્મ તારીખ | અધિકારી/કર્મચારી જે વિભાગ/કચેરીમાં ફરજ બજાવતા હોય તે વિભાગ/ કચેરીનું નામ | ભરતીનો સ્ત્રોત | બઢતીથી નિમાયેલા અધિકારી/કર્મચારીના કિસ્સામાં નીચેના સંવર્ગની પ્રવરતા યાદીમાંનો ક્રમ | પ્રસ્તુત સંવર્ગમાં ખરેખર નિમણૂંક તારીખ | નિમણૂંક ની સંભાવ્યા તારીખ | બિન અનામત/ અનુસુચિત જનજાતિ/ અનુસુચિત જાતિ/સા.શૈ.પ.વ./ વિકલાંગ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | ૬ | ૭ | ૮ | ૯ |
| ૩૩ | શ્રી એસ.આર.જોષી | ૦૧/૦૫/૧૯૬૩ | બટાલીયન નં-૧, બોર્ડરવીંગ હોમગાર્ડઝ, પાલનપુર-બનાસકાંઠા | બઢતી | - | તા.૦૮/૧૦/૨૦૦૯ | - | બિન અનામત | - |
| ૩૪ | શ્રી આર.પી.વ્યાસ | ૩૦/૦૩/૧૯૬૪ | નાગરિક સંરક્ષણ તાલીમ શાળા-અમદાવાદ | બઢતી | - | તા.૦૮/૧૦/૨૦૦૯ | - | બિન અનામત | - |

(વિજય બધેકા)
ઉપસચિવ
ગૃહ વિભાગ